# આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે

# “આંતરરાષ્ટ્રીય તૃણ ધાન્ય વર્ષ- ૨૦૨૩” ની ઉજવણી

કૃષિ એ ભારતીય સંસ્કૃતિનું એક અવિભાજ્ય અંગ છે. સમગ્ર વિશ્વ આજે **‘પોષક-ધાન્ય’** તરફ ધ્યાન દોરી રહ્યું છે જ્યારે અન્ય ક્ષેત્રોની માફક કૃષિ ક્ષેત્રે પણ ઘણી જ સમસ્યાઓ છે. જેમના માટે નજીકના ભવિષ્યમાં કૃષિમાં ક્રાંતિકારી ફેરફારો કરી જે પોષક તત્વોથી ભરપૂર એવા પાકોનું વાવેતર કરવાનું આવશ્યક બની રહેશે કારણ કે પોષકયુક્ત તૃણ ધાન્ય પાકોથી કુપોષણ જેવી સમસ્યાથી કાયમી મુક્ત થઈ શકાય પરંતુ અફસોસ છે કે છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં આ તૃણ-ધાન્ય પાકોનું વાવેતર અને ઉત્પાદન ઘટતું ગયું છે. જે માંગ ને પહોચી વળવા સંયુક્ત રાષ્ટ્ર દ્વારા **“આંતરરાષ્ટ્રીય તૃણ ધાન્ય વર્ષ- ૨૦૨૩”** ની ઉજવણીનાં ભાગરૂપે મોટા ધાન્ય ખાસ કરીને બાજરો અને જુવાર જ્યારે તૃણ ધાન્ય નાગલી, કોદરા, વરી, કાંગ, બંટી, ચીણા અને કુરી જે આપણા રોજિંદા ખોરાકનો ભાગ હતા પરંતુ આજે આપણી થાળીમાંથી ગાયબ થઇ ચુક્યા છે. હવે આ પોષક- ધાન્યની સમગ્ર વિશ્વમાં માંગ વધી રહી છે. તૃણ ધાન્ય પાકોનું વાવેતર છેલ્લા બે-ત્રણ દાયકાથી સમગ્ર ગુજરાત રાજ્યમાં વત્તા-ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. અગાઉના સમયમાં ગુજરાતમાં આ પાકોનું વાવેતર ખાસ કરીને ડાંગ, વલસાડ, રાજપીપળા, દાહોદ, પંચમહાલ અને સાબરકાંઠા જીલ્લાઓમાં કરવામાં આવતું હતું અને લોકો તેનો રોજીંદા ખોરાક તરીકે ઉપયોગી કરતા હતા પરંતુ સમય જતા નવીન પાકોમાં સુધારેલ, હાઇબ્રીડ જાતો અને ઉત્પાદન – ઉત્પાદકતા સારી મળતાની સાથે સાથે બજાર ભાવો સારા મળતા ઘઉં અને ડાંગર જેવા પાકોએ સ્થાન લઇ લેતા તૃણ ધાન્ય પાકોને વિસ્તાર ઘટવા લાગ્યો.

માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પ્રેરક માર્ગદર્શન થકી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા **આંતરરાષ્ટ્રીય તૃણ ધાન્ય વર્ષ-૨૦૨૩** ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ડૉ. આર. જી. મછાર, યુનિટ હેડ, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ દ્વારા તૃણ ધાન્ય પાકોની અગત્યતા અને ઉપયોગીતા અંગે ખેડૂતોને માર્ગદર્શન આપેલ. ડૉ. એચ. એલ. કાચા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે, દાહોદ દ્વારા પ્રાકૃતિક ખેતી દ્વારા તૃણ ધાન્ય પાકોના ખેતી કરવા અપીલ કરી હતી જ્યારે ડૉ. બી. કે. યદુવંશી, આચાર્યશ્રી, કૃષિ ઈજનેરી પોલીટેકનીક, દાહોદ દ્વારા તૃણ ધાન્ય પાકો કૃષિ ઈજનેરી થયેલ સંશોધનો અંગે ખેડૂતો માહિતગાર કર્યા હતા.

કાર્યક્રમમાં ડૉ. જી. કે. ભાભોર દ્વારા ભારતીય કૃષિમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રનું મહત્વ અંગે, ડૉ. એફ. જી. સૈયદએ તૃણ ધાન્ય પાકોમાં મૂલ્યવર્ધન વિષય પર જ્યારે શ્રી. એન. ડી. મકવાણાએ તૃણ ધાન્ય પાકોની ખેતી અંગે ખેડૂતભાઈઓને માર્ગદર્શન આપેલ. વધુમાં ડૉ. રાધા રાનીએ તૃણ ધાન્ય પાકોની પશુ આહારમાં ઉપયોગીતા વિષય પર ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

સદર કાર્યક્રમમાં જીલ્લાના વિવિધ ગામોમાથી ૧૧૮ જેટલા ખેડૂતભાઇ તેમજ મહિલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લઈ આ તૃણ ધાન્ય પાકોના વાવેતર માટે રુચિ દાખવી હતી.















